# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૧૪ • તા.૧૬ જુલાઈ થી ૨૨ જુલાઈ ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## સમસ્ત મહાજનની સ્વાભિમાન સમિતિ દ્વારા

## જ્ઞાતિ વડીલજનો માટે

# ધન્વંતરિ યોજના






# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# પરિસ્થિતિની પરખ કરવી જરૂરી છે

ઊંચે ચડવું અઘરૂં છે તેથી અઘરૂં ઊંચે ચડીને ઊંચાઈ જાળવી રાખવું છે. માનવી સતત પોતાની પ્રગતિ જાળવી શકતો નથી. તે ઊંચાઈ પર ચડીને પોતાની મનોસ્થિતિ ડામાડોળ રાખે છે, અન્ય બાબતોમાં પોતાની વિચાર શક્તિ રાખી એકાગ્રતા ખોઈ દે છે. જેને લીધે તે જલદી પોતાનું પતન કરે છે. લક્ષથી નીચે આવી જાય છે. ઘણું જલદી આ પરિસ્થિતિ માનવી પોતે લઈ લે છે. આ પડતી ક્ષુલ્લક કારણોસર હોય છે. જે ચિંતા કરાવે એવી હોય છે. કારણ કે આ એક ધ્યાન, એક લક્ષ્યથી જલદી તેનું ધ્યાન હટી જાય છે અને તેનું પરિણામ સફળતાથી નિષ્ફળતામાં પહોંચી જાય છે. ઊંચે ચડનાર વિપરીત વિચારોમાં, સામાન્ય સંજોગોને અસામાન્ય બનાવી પોતાનું ધૈર્ય, મનસ્થિતિ ડગમગાવી પોતાની સફળતા, શિખર આરોહણને ટકાવી રાખવા ને બદલ પતન ભણી લઈ જાય છે.

સફળતાને, સિદ્ધિને જાળવી રાખવી એક પરીક્ષા છે. સારા સંજોગોને જાળવી રખાય એ ચેલેન્જ બની જાય છે. પરિસ્થિતિ જ્યારે સ્વના કાબુમાં નથી રહેતી ત્યારે મંઝિલ તરફ જતાં પગ પણ ડગમગી જાય છે. અસામાન્ય સંજોગોમાં સારી બાબતો ઝટ ઓગળી જાય છે. માનવીની સારપ, સદ્‌વર્તન, સંસ્કાર અને સદ્‌વર્તાવની કસોટી વિપરીત પરિસ્થિતિમાં ધોવાઈ જાય છે. મનની એકાગ્રતા તૂટી જાય છે અને લક્ષ્ય ધ્યાન હટી જાય છે. અસામાન્ય સંજોગોમાં પોતાની સ્થિરતા જાળવી રાખે એ વિરલ વ્યક્તિ છે. ગમે તે સ્થિતિમાં સ્થિર અને સામાન્ય સ્થિતિમાં અસ્થિર વ્યક્તિમાં ફરક છે. મામુલી જેવી સ્થિતિમાં સ્થિર ન રહી શકનાર સતત ડામાડોળ અવસ્થામાં રહે છે અને સંપૂર્ણ રીતે પોતાના આસપાસના વાતાવરણને હાલકડોલક રાખે છે. હકીકતમાં પડકારો અને જોખમો સતત આવતાં રહે છે. હકીકત એ હોય છે કે આવી વ્યક્તિઓ નગણ્ય બાબતોથી પણ હચમચી જાય છે. ક્ષુલ્લક બાબતોથી વિક્ષિપ્ત થઈ જાય છે, બેબાકળા બની જાય છે અને નાની બાબતોને મહતમ આફત તરીકે જૂએ છે અને હિંમત કરી ઝઝૂમવાનું માંડી વાળે છે.

મજબૂત મનોબળના વ્યક્તિઓ કોઈપણ પરિસ્થિતિમાં પોતાની ધીરજ, હામ અને સમતોલપણું ગુમાવતા નથી. તેઓ પોતાની આજુબાજુ સશક્ત સુરક્ષિત દીવાલ ચણી રાખે છે અને સુરક્ષિત કિલ્લાના કાંગરા ન ખરે એની કાળજી પહેલાથી કરી રાખે છે. સંજોગો કોઈ પણ આવે તેઓ તેનો સામનો કરવા સતત સજ્જ રહે છે. જ્યારે ઝંઝાવાત આવે છે ત્યારે નાના, નબળા પક્ષીઓ હાંફળા ફાંફળા થઈ ઊઠે છે પણ ગરૂડ જરાય ચિંતિત થતું નથી. તે હવાથી પણ ઊંચે ચડી ઝંઝાવાતને વળોટી તેની ઉપરનો સ્તર શાંત હોય ત્યાં પહોંચી પોતાની પાંખો ફેલાવતું ઊડે છે, ઝંઝાવાત જ્યારે પશુ-પક્ષીઓ, માનવજીવો, માલમતાની ખાના ખરાબી કરી શાંતને સ્થિર થાય ત્યારે ગરૂડ નીચે ઉતરી આવે છે અને પોતાની સપાટી પર સ્થિર શાંત ઉડયન કરી ઊંચાઈ જાળવી રાખે છે. આ બાબત સ્થિર સ્થિતિ અને અસ્થિર સ્થિતિમાં પોતાનો વર્તાવ બદલનાર પોતાનો નિયંત્રણ જાળવી ન રાખનાર એ ધ્યાનમાં લેવી જોઈએ અને એમાં બદલાવ કરવો જોઈએ.

*- જય જ્ઞાતિમૈયા*

# મૌનની મહતા

માનવોના મન કાચ સમાન છે. જેને બટકતા વાર લાગતી નથી. કોઈના વિચાર કોઈની અઘટિત વાણીથી તે ઘવાઈ જાય છે. નાની નાની વાતો અને બિનજરૂરી બાબતોમાં ઉગ્રતા, કટુતા અને રોષ અવારનાર ઊભરાઈને બહાર છલકાઈ જાય છે. વિવાદ અને મનદુ:ખ થવા સહજ છે. બે વ્યક્તિઓ પોતપોતાના વિચારમાં અડગ હોય. લેશ માત્ર પીછેહઠ કરવા રાજી ન હોય ત્યારે સામેવાળાનું મન ખાટું થઈ જાય છે. નાની અમથી વાતો અને બિન જરૂરી બાબતોમાં ઉગ્રતા, કટુતા અને રોષ અવારનવાર પ્રગટ થતો હોય છે અને પોતાની વાત સાચી છે. પોતાની માન્યતા, વિચાર જ સાચા ઠરાવવાના પ્રયાસમાં વિવાદ અને મન દુ:ખની શરૂઆત થતી હોય છે અને આગળ સમય જતાં વધુને વધુ ઊંડા, મજબૂત અને જડતા ભર્યા થતા હોય છે.

સૌથી વધુ સ્થૂળ અને સૂક્ષ્મ હિંસા જીભ દ્વારા થતી હોય છે. જૈન ધર્મમાં કહ્યું છે કે મન, વચન અને કર્મથી જાણતા અજાણતા કોઈને દુ:ખ પહોંચે એવું કરવું નહીં, કંઈ કર્મ આચરવું નહીં. જીભ પર અંકુશ રાખવો જોઈએ. જીભ પર લગામ એટલે મૌન ધારણ કરવું ચૂપ રહેવું. વાણી પર અંકુશ રાખવું અશક્ય જરૂર છે. જીભમાં લવચીકતા છે, નરમાઈ છે કારણ કે એમાં હાડકાનું આધાર નથી. એટલે તેમાં કડપાઈ નથી પણ એટલે જ મોંઢામાં લબલબ કરતી જીભ પર લગામ તાણવી એ કપરું કામ છે. ગુસ્સો આવે ત્યારે ગમે તે બોલીને ઊભરો કાઢી નાંખવું સહજ અને સ્વભાવિક છે ને સરળ પણ છે. પણ શાંતિ, સમતા ધારણ કરવું કઠિન છે, અઘરું છે.

ક્રોધમાં અઘટિત બોલી નાખવાથી સંબંધ, સ્નેહ અને સુમેળ બગડે છે એટલે મૌન ધારણ કરીને સ્થિરતા રાખવાથી મન શાંત અને હળવું થશે અને ક્રોધથી જન્મેલો વલોપાત આપોઆપ શાંત થઈ જાય છે. બોલવું ને બગાડવું આસાન છે. સરળ છે. મૌન ધારણ કરવું ને ગુસ્સો ગળવું, અંદર ઉતારી જવું કઠિન છે. તે તપ કે સાધનાની સમક્ષ છે. દરેક પોતાની વાત માંડે એ તેનો અધિકાર છે પણ તેના શબ્દો સ્વીકારવા તે આપણા હાથની વાત છે. સામેવાળાની અણ છાજતી વાત પર ઉગ્રતા ન દાખવીએ, પ્રતિક્રિયા ન વ્યક્ત કરીએ તો સામેવાળો વ્યક્તિ આપોઆપ પોતાનો સ્થાન ક્યાં છે એ સમજી જાય છે અને તેનું હથિયાર બુઠું થઈ જાય છે.

માણસ તેની ભાષા, વાણી અને વિચારથી પરખાય છે. વ્યક્તિના વ્યક્તિત્વને ઓળખવા તેને બોલવા દેવો જોઈએ. સતત બોલતો વ્યક્તિ ક્યારેક તો ગોથું ખાઈ ને ખૂલ્લું પડી જાય છે. બોલવા કરતા મૌન રહેવું અતિ કઠિન છે. શબ્દો જ્યારે ઓછા પડે છે ત્યાં મૌન અસરકાર પુરવાર થાય છે. વાણીના વિસ્ફોટ વચ્ચે ધગધગતા લાવા બહાર કાઢતા જવાળામુખી સામે શાંતિ, ધૈર્ય ધારણ કરવું અતિ કઠિન છે. એથી વધુ કઠિન મનને શાંત રાખવું છે. જીભ બંધ હોય પણ મનમાં ઉલ્કાપાત મચેલો હોય તો મૌનનો અર્થ નથી.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)



## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ક.દ.ઓ. સમસ્ત જૈન મહાજનની
# સ્વાભિમાન સમિતિ દ્વારા ધન્વંતરિ યોજના



શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની સિનિયર સિટીઝન માટેની સ્વાભિમાન સમિતિ દ્વારા જ્ઞાતિ વરિષ્ઠજનો વડીલો માટે નવીન અને નવતર કલ્પના ધરાવતી યોજના પ્રસ્તુત કરી છે. જેમાં આ યોજના હેઠળ સ્વાભિમાન સમિતિ દ્વારા જ્ઞાતિના દરેક જરૂરિયાતમંદ વરિષ્ઠ નાગરિકોને દર મહિને રૂા.૧ હજાર સુધી દવાની જરૂરિયાત માટે સહાય આપશે તેમજ આ ઉંમરે થતી ચાલવામાં તકલીફને રાહત આપવા Walking Stick અથવા Walker તથા કમરપટ્ટા વિગેરે પણ પ્રદાન કરશે.

આ યોજનાનો લાભ નીચે મુજબ યોગ્યતા પ્રાપ્તને મળશે. ૧) ઉંમર વર્ષ ૬૫ થી ઉપરના જ્ઞાતિજનને ૨) કુટુંબની આવક મહિને રૂા.૧૫ હજારથી નીચે (એકલા અથવા બીજા કુટુંબઓ સાથે રહેતા હોય તે મળીને)

આ યોજના શરૂ કરવા માટે અત્યારે સ્વાભિમાન સમિતિના કમિટીના  સભ્યોએ કુલ્લ રૂા.૪ લાખનો ભંડોળ જમા કર્યો છે. આગળ જતાં આ યોજનામાં વધારે જ્ઞાતિજનોને આવરી લેવા તથા વધારે સહાયતા આપીને યોજનાને સફળતાપૂર્વક લાંબાગાળા સુધી સંચાલિત રાખવા જ્ઞાતિના દાનવીર શ્રેષ્ઠીઓને આગળ આવીને ઉદારતાથી આ વડીલોજનો માટે કલ્યાણકારી યોજનામાં સહભાગી થવા ભાગીદાર થવા નમ્ર અપીલ કરે છે.

નોંધ : ધન્વંતરી યોજનામાં નોંધાવેલ ફાળાની રકમને ઈન્કમ ટેક્સ અંતર્ગત ૮૦જી નો લાભ લઈ શકાશે.

આ યોજનાનો લાભ લેવા, ફાળો નોંધાવવા તથા યોજના વિષે વધુ માહિતી માટે નીચે લખેલ કોઈપણ પદાધિકારીનો સંપર્ક કરવા વિનંતી. કન્વીનર - હંસકુમાર બી. ખીમજી, ચેરમેન શ્રીમતી હેમાબેન ગુલાબ છેડા-બેંગલોર-9844044428, વાઈસ ચેરમેન રાયચંદ દેવશી જીવાણી-ડોંબિવલી-8779875109, સભ્ય તેજપાલ લખમશી ધરમશી-9870070027, સભ્ય વીરચંદ નરશી લોડાયા, સભ્ય શ્રીમતી અમિશા રવિન્દ્ર મુનવર-બેંગ્લોર, પદમકુમાર ડી. નાગડા, સુજીવ જે. સોની, દિલીપ આર. નાગડા, કિશોર ટી. રતાણી, પ્રદિપ એ. ખોના.

ચાલો સૌ આ યોજના દ્વારા જરૂરિયાતમંદ જ્ઞાતિ વરિષ્ઠ નાગરીકોની સેવા કરવાની તક લઈને ગર્વ અનુભવીએ. આ યોજનાને સમગ્ર જ્ઞાતિમાં ફેલાવવા માટે સહુ પાસે ઉમદા સહકારની અપેક્ષા સમસ્ત મહાજનની સ્વાભિમાન સમિતિ રાખે છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કેડીઓ ક્લાસિક તરફથી અષાઢી બીજની ઉજવણી કરાઈ





કેડીઓ ક્લાસીક તરફથી કચ્છી નવા વરસ અષાઢી બીજની ઉજવણી  રવિવાર, તા.૧૦ જુલાઈના ક્રાઉન હોલ મુલુંડમાં રાખવામાં આવેલ. પ્રોગ્રામની શરૂઆત નવકારમંત્રથી કરવામાં આવેલ. વેલકમ સ્પીચમાં શ્રી પીનાકીન છેડાએ બહોળી સંખ્યામાં આવેલ મેમ્બરોનો આભાર વ્યક્ત કરેલ. કેડીઓ ક્લાસીના આ સિલ્વર જયુબિલી વર્ષમાં સંસ્થાના સ્થાપક તથા પ્રથમ પ્રમુખ શ્રી શાંતીલાલભાઈ શિયાલની પ્રથમ પુણ્યતિથિએ યાદ કરતા એમના સિધ્ધાંત તથા સેવાને બિરાદાવાઈ હતી.

પ્રમુખ શ્રી જયંતભાઈ લાપસીયાએ આજના મુખ્ય કલાકાર ડૉ.વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરીનું બુકેથી સ્વાગત કર્યું હતુ. આજના પ્રોગ્રામ 'કચ્છડો યાદ કરીયા' વતનજા ગાલીયેં ને ગીતેં જો જલસો, એ આવેલ સૌ મેમ્બરોને કચ્છ વતનની યાદ અપાવી તથા કચ્છી ગીતો તથા પરોલીયું અને ક.દ.ઓ.જ્ઞાતિની જાજરમાન વાતોથી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શ્રી તેજશ લાલકાએ નવા બનેલ મેમ્બરોનું કેડબરીથી સ્વાગત કર્યું હતું. આજના પ્રોગ્રામમાં સૌ મેમ્બરોએ ઉત્સાહથી રાસ-ગરબા તથા મટુકડી અને દાંડિયા-રાસ રમ્યા હતા તથા પરંપરાગત શૈલીથી રમાતી તુંબડી ગરબા રમ્યા હતા.

ઉત્તમ વેશભુષા કપલ વિજેતામાં ડોલી તથા ભારતીબેનનું બહુમાન શ્રી મણીકાંતભાઈ ધુલ્લા તથા ઉત્તીનભાઈનું શ્રી ચેતન શાહ, રીટાબેનનું બહુમાન દ્વિપાબેનએ કરેલ. રાસ-ગરબા માટે ઉત્તમ કપલ શ્રી લલિતમાઈ-રેણુકાબેનનું સ્વાગત મીનાબેન શાહ, શ્રી હંસકુમારભાઈનું બહુમાન તેજશ લાલકા તથા લજીતાબેનનું બહુમાન જયશ્રીબેન એ કરેલ. વેશભુષા તથા રાસ-ગરબાના જજ મનિષાબેન શેઠનું બહુમાન, શ્રીમતી કાશ્મીરાબેન લુઠીયા કરેલ. સ્વાદિષ્ટ જમણવાર પછી પ્રોગ્રામની પુર્ણાહુતી થઈ.





# દક્ષિણ મુંબઈ અચલગચ્છ જૈન સંઘમાં શનિગ્રહાધિપતિ શ્રીમુનિસુવ્રત સ્વામીપ્રભુની ચલ પ્રતિષ્ઠા કરાઈ

શ્રી દક્ષિણ મુંબઈ અચલગચ્છ જૈન સંઘ, શ્રી રાજસ્થાન અચલગચ્છ જૈન સંઘ (સેન્ટ્રલ પ્લાઝા) મધ્યે શનિગ્રહાધિપતિ શ્રી મુનિસુવ્રત સ્વામી પ્રભુની ચલ પ્રતિષ્ઠા પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની શુભનિશ્રામાં વિધિકાર નિખિલ હરિયા બાડાના સંગાથે ઉત્સાહ ઉમંગ આનંદ સંગ સંપન્ન થઈ.

## કચ્છ કોઠારા તીર્થે વરસાદી માહોલમાં પૂ.સાધ્વી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ થયો




કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના ઐતિહાસિક નગર કોઠારા તીર્થમાં પ.પૂ.સા.શ્રી જગતત્રયાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ વરસાદની અવિરત વરસતી મહેર વચ્ચે ઢોલ શરણાઈના નાદ-ગાજ વચ્ચે સંઘના શ્રાવક શ્રાવિકાઓના ઉછળતા હૈયા ભાવ વચ્ચે થયો.

## કચ્છના સાંધવ તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. ચાતુર્માસ પ્રવેશ થયો




શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવના આંગણે તા.૧૧ જુલાઈ સોમવાર સવારે ૮ કલાકે વરસાદની રમઝટ ભરી મહેર વચ્ચે પ.પૂ.સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. પ.પૂ.સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા-૨ ચાતુર્માસની નિશ્રા માટે મંગલ પ્રવેશ કર્યો.

પૂજ્ય સાહેબોના સામૈયામાં સાંધવવાસીઓ, નિયાણીબેનો સહપરિવાર ઉત્સાહ ઉમંગ સંગે સમ્મલિત થઈ પોતાની ખુશીના ભાવ છલકાવ્યા હતા. આખો દિવસ સાધર્મિક ભક્તિનો લાભ સૌએ લીધો હતો.

ચાતુર્માસના લાભાર્થી પરિવાર અ.સૌ.દમયંતીબેન ચાંપશી માણેકજી શાહ લોંખડવાળા પરિવાર સાંધવ-ઘાટકોપર હસ્તે અ.સૌ.જસ્મીની અતુલ ચાંપશી શાહ, અ.સૌ.માધવી રાહુલ ખોના ઉર્જા, વીહા અને વીર.

## કેડીઓ દીપ જ્ઞાતિવીર એવોર્ડ સાથે રૂા.૧૧ હજારનું પારિતોષિક અર્પણ કરાશે

કેડીઓ દીપ વોટસએપ ગ્રુપનો એક જ હેતુ છે કે આપણા કેડીઓ જ્ઞાતિજનોના લાભ, ઉત્કર્ષ અને પ્રગતિ માટે જ કાર્ય કરવું. આ હેતુને ધ્યાનમાં રાખીને આ વર્ષે માટે એક નવલા અને નોખા જ્ઞાતિવીર એવોર્ડની રજૂઆત કરી છે.

કોઈપણ કેડીઓ યુવક-યુવતી ઈન્ડિયન ડિફેન્સ ફોર્સની ત્રણ શાખા પૈકી એક શાખાની અગ્નિપથ યોજનામાં દેશદાઝ ધરાવી માતૃભૂમિની સેવા કાજે અગ્નિવીર તરીકે જોડાશે તે દરેકને જ્ઞાતિવીર તરીકે નવાજી કેડીઓ દીપ વોટસએપ ગ્રુપના એડમિન્સ તરફથી રૂા.૧૧ હજારનું પારિતોષિક પ્રદાન કરી સન્માન કરવામાં આવશે.

તો જ્યારે તમે અથવા આપના કોઈ પરિવાર સભ્ય રાષ્ટ્ર અને માતૃભૂમિ માટે અગ્નિવીર તરીકે જોડાય તેઓ કેડીઓ દીપ વોટસએપ ગ્રુપના કોઈ એડમિનને જાણ કરશો.

## પાલીતાણા મહાતીર્થમાં અચલગચ્છાધિપતિ મ.સા.ની નિશ્રામાં આરાધના





પાલીતાણા મહાતીર્થમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા.ની નિશ્રામાં આરાધના અદ્ભૂત ભાવપૂર્વક ચાલી રહી છે. જેનો બહુ સંખ્ય શ્રાવક શ્રાવિકો લાભ લઈ ધન્ય થઈ રહ્યાં છે.

## યવતમાલ સંઘમાં પ.પૂ.સાધ્વી મહારાજ સાહેબોનો ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો






તા.૧૦ જુલાઈ રવિવારના શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાલના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો ભવ્યાતિ ભવ્ય રીતે ચાતુર્માસ પ્રવેશ થયો. વરસાદની અવિરત હેલી છતાં સામૈયામાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહ આનંદ અને હૈયામાં ઉછળતા ઉમંગ લહેર સાથે સહભાગી થઈ જોડાયા હતા અને પૂજ્ય સાહેબોનો ભાવપૂર્વક સ્વાગત કર્યો હતો. વિવિધ ગામો, શહેરોથી ૧૫૦ જેટલા મહેમાનો પધારેલ. અશ્વિનભાઈ કેશવજી ધરમશી, પ્રસન્ન મલજી દફતરી, લહેર શામજી નાગડા, મનિષ વિક્રમભાઈ ધરમશી તથા વિરેન્દ્રભાઈ મુથાની ખાસ હાજરી રહી હતી.

## ચાલીસગામ સંઘમાં અસંખ્ય અબોલ જીવોને સદ્ગતિ મળે એ કાજે આયંબિલ થયા






અષાઢ સુદ બારસ તા.૧૦ જુલાઈ રવિવારના બકરી ઈદ તહેવારની ઉજવણી દરમ્યાન અસંખ્ય અબોલ જીવોની કતલ કરાય છે. એ નિષ્પાપીજીવોને સદ્ગતિ મળે એ કાજે શ્રી કેડીઓ જૈન ચાલીસગામ સંઘમાં ૬૦ આયંબિલ તપ કરવામાં આવ્યા. જીવદયા ભાવના હૈયે ધરાવી આયંબિલ કરનાર તપસ્વીઓની સંઘએ અનુમોદના કરી હતી.

# મેડિકલ સમિતિની સામે સંજીવની કેસ નં.૭૫, ૭૬ અને ૭૭ માટે એકંદરે રૂા.૭.૬૪ લાખ એકઠા કરવાનો પડકાર




સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અણધારી આપદામાં ગ્રસ્ત થઈ ગયેલ ત્રણ જ્ઞાતિજનોની મદદ અરજી મળી છે.

**સંજીવની કેસ નં.૭૫ :** રંગપુર હાલે દહીંસર નિવાસી ૪૬ વર્ષીય નયન વીરચંદ ખોના મૂત્રનલિકા વિકાર અને કિડની સ્ટોનને લીધે તીવ્ર દર્દ અને બ્લડિંગને લીધે ત્રસ્ત છે. જેની સર્જરી તાત્કાલિક પણે થાય એ જરૂરી છે. તેમના પિતા હાર્ટ પેશન્ટ છે. એકમાત્ર તેઓ પોતે કમાવનાર છે અને માસિક જરૂરિયાત જેટલં રળી લે છે નથી બીજી કોઈ બચત. આ સારવાર ખર્ચ વીમા લીધાને એક વર્ષ ન થયું હોવાથી આવરી શકાતી નથી. તેમના ઓપરેશન અને ઈલાજ માટે રૂા.૧.૧૦ અંદાજિત ખર્ચ મટેની અરજી મેડિકલ સમિતિ સમક્ષ મૂકી છે.




**સંજીવની કેસ નં.૭૬ :** શ્રીમતી સંગીતા ડી.શાહ-લોડાયા સાંયરા-ઈન્દૌર ઉ.વ.૫૫ પોતાના સંબંધી સ્વજનને મળવા પુના આવી રહ્યાં હતા ત્યારે ઓંચિતા દર્દ અને પેટની નીચે સોજો થયો અને ઉલ્ટીઓ થઈ જેને કારણે તાત્કાલિક પુનાની જ્યુપીટર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા. પરિવારમાં એકમાત્ર પુત્રી કમાવનાર છે જે ઘર ખર્ચ ચાલે એટલું પગાર ધરાવે છે. બચત નથી.

તેમને ઈમરજન્સી સર્જરી કરવાની ભલામણ કરાઈ છે. જેમાં ક્ષતિગ્રસ્ત કોષ દૂર કરી હર્નિયાની સારવાર કરાશે જે માટે લાંબો સમય આઈસીયુમાં રહેવું જરૂરી રહેશે. ઓપરેશન અને સારવાર માટે રૂા.૧૦ લાખનો ખર્ચ અંદાજ અપાયો છે. જેમાંથી લોડાયા પરિવારે પોતાના સગાસંબંધીઓની મદદ લઈ રૂા.૬ લાખ જમા કરયા છે બાકી રૂા.૪.૧૨ લાખની મદદ માટે મેડિકલ સમિતિ સમક્ષ અરજી કરી છે.




**સંજીવની કેસ નં.૭૭ :** દ્દલતુંગી હાલે ડોંબિવલી રહેતા ૬૨ વર્ષીય નિરંજન લોડાયા છાતીના દુખાવાને કારણે ડોક્ટરી સલાહ મેળવેલ તેમને મલ્ટીપલ બ્લોકેજ હોવાને લીધે કોરોનરી એન્જીયોગ્રાફી કરવાની સલાહ મળી અને તેઓને તાત્કાલિક હાર્ટ સર્જરી (CABG) ની ભલામણ કરાઈ છે.

પરિવારમાં એકમાત્ર તેઓ કમાવનાર છે. તેમની પત્ની ગૃહિણી છે અને ડાયાબેટિક પેશન્ટ છે. સપ્તાહ અગાઉ તેઓ હોસ્પિટાલઈઝ થયા હતા અને સારવાર ખર્ચ પોતાની રીતે મેનેજ કરેલ. પરિવારનો નથી કોઈ વીમો કે નથી કોઈ બચત.

નિરંજન લોડાયાને ઈલાજ માટે રૂા.૨.૪૨નો એસ્ટીમેટ અપાયેલ છે. જે મેળવવા મેડિકલ સમિતિ પાસે અરજી મૂકી છે.

ઉપરોક્ત ત્રણેય પરિવારની આપદામાં ખંભીરપણે ઉભા રહી તેમના ભેરૂ બનીએ અને જલ્દીમાં જલ્દી ઉતમ સારવાર-ઈલાજ પામી સુખરૂપ ઘરે પહોંચે એ જોવાની ફરજ પૂરી કરીએ. સંજીવની કેસ માટે કરેલી મદદ ૮૦જી અંતર્ગત કર મુક્ત છે જે માટે દાતાએ પાનકાર્ડ અને આધારકાર્ડની ઝેરોક્સ કોપી સબમિટ કરવી. આવો સાથે મળી માનવતાના દીપકને ઝળહળતો રાખીયે.

## દક્ષિણ મુંબઈ સંઘમાં મહાપ્રભાવશાળી અર્હમ પીઠિકાની સ્થાપના થઈ

દક્ષિણ મુંબઈમાં જિનશાસનનો ડંકો વગાડી રહેલા, પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં તા.૧૪ જુલાઈ ગુરૂવારના વિશાળ માનવ મહેરામણ વચ્ચે અચિન્તય પ્રભાવ સંપન્ન, સ્વર્ણિમ સીમંધર સ્વામી, સ્વર્ણિમ ગૌતમ સ્વામી, સ્વર્ણિમ સરસ્વતી દેવી આદિ અનેક પ્રતિમાઓની સ્થાપના થઈ. આધિ વ્યાધિ, ઉપાધિ વિનાશક મહામંગળકારી આ અર્હમ પીઠિકામાં આપ ભાગ્યશાળી પણ આવો, બેસો, જાપ કરો. પ્રત્યક્ષ પરચાનો અનુભવ કરો. સંપૂર્ણ પીઠિકાના લાભાર્થી સંઘમાતા માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર સાભરાઈ-હૈદ્રાબાદ.

## થાણા સંઘમાં શ્રી અનંત ધર્મ પરિવારના આયોજને સરસ્વતી સાધના થઈ





શ્રી થાણા કવીઓ દેરાવાસી જૈન સંઘના આંગણે શ્રી ઋષભ અજિત ભક્તામર જિનાલયે શ્રી અનંત ધર્મ પરિવારના આયોજનથી અચલગચ્છેશ ગુરૂગુણ ગુણોદય કલાપ્રભસાગરસૂરિ પરિવાર શણગાર પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ની પાવન પ્રેરણા અને નિશ્રામાં તા.૧૦ જુલાઈ રવિવાર સવારે શાનદાર સરસ્વતી સાધના કરાઈ. ધર્મ આરાધના થઈ મુનિરાજ મ.સા.એ મંત્ર જપ સાધના અનુલેખન કરાવીને મંત્ર દિક્ષા આપી.





## દક્ષિણ મુંબઈ સંઘમાં પ.પૂ.ગણિવર્યનું ચાતુર્માસ પ્રવેશ ૧૩૦૦ લોકોની ભવ્ય ઉપસ્થિતિમાં થયું

તા.૧૧ જુલાઈ સોમવારના સલુણી સવારે ૬ કલાકે જાજરમાન ઠાઠમાઠ સાથે ધ્યાનયોગી, સાધના સમ્રાટ મહામાંગલિક પ્રદાતા પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા., ઋષિ મંડળ અર્હમ ધ્યાન સાધક, ઓજસ્વી પ્રવચનકાર, યુવા હૃદયસમ્રાટ પ.પૂ.મુનિરાજશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. આદિ ઠાણા ૨નો ચાતુર્માસ મંગળ પ્રવેશ ૧૩૦૦ ભક્તોની ભવ્ય ઉપસ્થિતિમાં થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓને હૈયે હેતના હિલોળ લહેરાતા હતા.

# એમ.પી.ના ઈન્દૌર સંઘમાં ભવ્ય ભાવ સાથે ચાતુર્માસ પ્રવેશ થયો





રવિવાર, તા.૧૦ જુલાઈના મધ્યપ્રદેશના ઈન્દૌર નગરે સંઘમાં શ્રી કચ્છી જૈન સમાજને આંગણે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વજી મ.સા.ના આજ્ઞાનુવર્તી પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી સમ્યકદર્શનાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરસાશ્રીજી મ.સા.નો સલુણી સવારે વાજતે ગાજતે ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો.

સ્નેહાગંજના કાશીધામ એપાર્ટમેન્ટથી સામૈયું સાથે સ્વાગત યાત્રા સમાજ ભવન પહોંચી. વરસતા અવિરત વરસાદમાં પણ સમાજના સભ્યોને ઉત્સાહ અને હર્ષ ઉલ્હાસ ચરમસીમા પર હતો અને બહુસંખ્ય ભાવિકો વરઘોડામાં જોડાયા હતા. સુશોભિત બેડા અને ગહુલી  શણગારવાની પ્રતિયોગિતા રાખવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો.

મંગલપ્રવેશ બાદ ભક્તામરનો પાઠ થયો અને ત્યારબાદ ઉપસ્થિત સૌને મહારાજ સાહેબના મનનીય પ્રવચન, વ્યાખ્યાન વાણીનો પુનિત લાભ મળ્યો હતો. તે પછી સમાજ દ્વારા નવકારશી રાખવામાં આવી હતી.





# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા સ્વામિવાત્સલ્ય ફાળાની નોંધણી માટે અપીલ

પર્વાધિરાજ પર્વમાં શ્રાવકના કર્તવ્યોઓનું એક મહત્વનું કર્તવ્ય એટલે સ્વામિવાત્સલ્ય છે. વર્ષમાં એક દિવસ સૌ સાધર્મિક એક જ રસોડે સંગાથે ભોજન લઈ પોતાના સાધર્મિક પ્રત્યેની ફરજ અદા કરવાનો અમૂલ્ય અવસર હોય છે.

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી છેલ્લાં ચાર-ચાર દાયકાથી વધારે સમયથી સ્વામિ વાત્સલ્યનું આયોજન કરી રહ્યું છે. આ વર્ષે પણ વાર્ષિક સ્નેહમિલન એવમ સ્વામિવાત્સલ્યનું આયોજન તા.૨૫ સપ્ટેમ્બર રવિવારના કરવામાં આવેલ છે. દરેક જ્ઞાતિજનોને નમ્ર વિનંતી કે મંડળના કાર્યકર્તા, પ્રતિનિધિ સમયાનુસાર આપના ઘર આંગણે પધારશે તો ઉદારદિલે સ્વામિવાત્સલ્ય ફંડમાં પોતાનો અમૂલ્ય ફાળો લખાવી શ્રાવકના કર્તવ્યની ફરજ અદા કરશો એવી વિનંતી શ્રી કદઓ મંડળ ડોંબિવલીની સમસ્ત વ્યવસ્થાપક સમિતિ દ્વારા કરાઈ છે.

# અમદાવાદ શાહીબાગમાં ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા પખવાજની રમઝટ જમાવાઈ





તા.૮ જુલાઈ શુક્રવાર સવારે ૭ વાગે અમદાવાદના શાહીબાગ ધર્મનગરીમાં ભઠીપાડા ભાંડુપના સાધ્વી પ.પૂ.શ્રી પુણ્યહર્ષલતાશ્રીજી (પુષ્પાશ્રી) મ.સા.ના ચાતુર્માસ મંગળ પ્રવેશ પ્રસંગે શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપએ કચ્છના પખવાજની રમણીય રમઝટ જમાવી હતી સૌને ડોલાવ્યા હતા.

આજથી સવાસો વર્ષ પહેલાં પધારનાર આચાર્ય ભગવંત પ.પૂ.મુનિશ્રી મોહનલાલજી મ.સા.ના શિષ્ય સરાક સંઘ ઉધારક આચાર્ય પ.પૂ.શ્રી સુયશમુનિ મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વી ગુરૂમાઁ શ્રી પુષ્પાશ્રીજી મ.સા.નો ગુજરાતની પૂર્વ રાજધાની અમદાવાદના ઈતિહાસમાં પહેલીવાર ગુરૂમાઁની ઈચ્છાથી કચ્છી પખવાજ વાદન કરવા મુંબઈથી ખાસ શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપએ પોતાનો કૌવત દાખવી સૌને મંત્ર મુગ્ધ કરેલ.

# ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા ૮મો નેચર ક્યોર કેમ્પનું આયોજન

શનિવાર, તા.૧૦ સપ્ટેમ્બરથી તા.૧૮ સપ્ટેમ્બર રવિવાર સુધી રતનવીર નેચર ક્યોર સેન્ટર બિદડા કચ્છમાં સતત ૮મો નેચર ક્યોર કેમ્પનું આયોજન કરાયું છે. જે માટે ચાર કેટેગરી વર્ગીકૃત કરાઈ છે. ૧) સુપર વોર્ડ નોન એસી ચાર જણ શેરીંગ માટે રૂા.૮૩૦૦ પ્રતિ વ્યક્તિ દીઠ ૨) રૂા.૯૬૦૦ પ્રતિ વ્યક્તિ નોન એસી બે જણ શેરીંગ રૂમ ૩) રૂા.૧૨૮૦૦ પ્રતિ વ્યક્તિ દીઠ એ.સી. રૂમ બે જણ શેરીંગ અને ૪) રૂા.૧૭૬૦૦ વ્યક્તિ દીઠ એ.સી. સ્યૂટ બે વ્યક્તિ શેરીંગ. આ ચાર્જમાં નિવાસ, ભોજન અને ટ્રીટમેન્ટ ખર્ચ સામેલ છે. જેમાં આવવા જવાની ટિકીટ સામેલ નથી. સુઘડ, સ્વચ્છ સુવિધાજનક રૂમ સુવિધા, નેચર ડાયટ અને યોગ, મેગ્નેટથેરપી, કિડનીપેક, એનિમા, ગરમ-ઠંડુ ફોર્મેનેશન વિગેરે દ્વારા કુદરતી પધ્ધતિથી રોગ મુક્તિ ઉપાય સારવાર. મર્યાદિત સંખ્યાને લીધે વહેલો તે પહેલોના ધોરણે રજીસ્ટ્રેશન કરાશે.

આ નેચર ક્યોર કેમ્પમાં સહભાગ લેવા અને રજિસ્ટ્રેશન કરાવા સંપર્ક સંદીપ શાહ-૯૮૬૭૧૬૭૩૮૭, નિતલ લોડાયા-૯૮૧૯૬૮૦૦૨૧, યશોધન કારાણી-૯૮૨૧૧૩૭૭૩૭, વિરાજ ધુલ્લા-૯૮૨૦૯૬૬૯૬૬, રોપિન નાગડા-૯૩૨૩૪૭૫૮૩૭



# કોટડા રોહામાં આચાર્ય ભગવંતશ્રીનો વાજતે ગાજતે થયો ચાર્તુમાસ પ્રવેશ





નખત્રાણા તાલુકાના કોટડા રોહા ગામે પ.પૂ. આ.ભ. કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજ શ્રી કલ્પતરૂસાગરજી મ.સા.નો વિશાળ જનમેદની વચ્ચે વાજતે ગાજતે શાનદાર નગર પ્રવેશ થયો. આ પ્રસંગને માણવા કોટડા રોહા ગામવાસીઓ વિશાળ સંખ્યામાં માદરે વતન આવી પહોંચ્યા હતા. ડીસાની અજન્ટા બેન્ડ પાર્ટી, ઢોલ-શરણાઇ, ધ્વજા-પતાકા-બેનર, સફેદ વસ્ત્રોમાં સજ્જ સાફાધારી શ્રાવકો, બાંધણીમાં સજજ શ્રાવિકાઓ, બેડાધારી બેનોએ સામૈયામાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

જિનાલયે દર્શન-ચૈત્યવંદન કરી ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવતાં ચાતુર્માસનું મહત્વ સમજાવ્યું હતું. ગામનાં મોભી અને અગ્રણી આગેવાન શ્રી ડુંગરશીંભાઇ વિકમાણીએ જણાવ્યું હતું કે, આજે આખું કચ્છ દેખાય છે. કોટડા રોહા ગામ માટે આજનો દિવસ સોનાનો દિવસ છે. કન્વીનર શ્રી ધીરજભાઇ ગાલાએ ચાર્તુમાસની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે ગીરીશભાઇ છેડા, જીગરભાઇ છેડા, શામજીભાઇ દંડ, મહેન્દ્રભાઇ પાસડ, હરખચંદભાઇ ગંગર, મેહુલભાઇ શાહ તથા સમાજનાં આગેવાનો તથા મહેમાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સાતે આચાર્યોનાં ફોટાની અનાવરણવિધિ કરવામાં આવેલ. પ્રારંભે ઉષાબેને સ્વાગત ગીત રજુ કર્યું હતું. ગુરૂપૂજન ચડાવાનો લાભ નવલબેન ભાણજી માણેક પાસડ પરિવાર, કામળી વહોરાવવાનો પ્રવિણાબેન અમૃતલાલ ગડ્ડા, શાંત સુધારસ સૂત્ર વહોરાવવાનો લક્ષ્મીબેન ખીમજી કાનજી ગડ્ડા, જૈન મહાભારત ચરિત્ર વહોરાવવાનો મણીબેન તારાચંદ પ્રેમજી દેઢીયા, શ્રીયંત્ર મહાલક્ષ્મી પૂજનનો પાનબાઇ દેરાજ રાણા તેમજ ચાર્તુમાસ દરમ્યાન થનાર સંઘ પૂજનનો લાભ માતુશ્રી ચંદનબેન લક્ષ્મીચંદ માવજી દેઢીયા પરિવારે લીધો હતો. ચાર્તુમાસ દરમ્યાનની વિવિધ યોજનાઓનો લાભ વિવિધ દાતાશ્રીઓએ લીધો છે.

# માંડવી પરિસરના શિવમસ્તુ તીર્થે ૧૧ જુલાઈનો સમારોહ મુલત્વી રહ્યો

અચલગચ્છાધિપતિ પૂજ્ય પાદ ગુરૂવર્યો શ્રી ગુણ-ગુણોદય-કલાપ્રભ આદિ સૂરિ ભગવંતો એવમં ગુરૂદેવ શ્રી મહાભદ્ર મુનિવરની અસીમકૃપાથી પ.પૂ.ઉપાધ્યાય ભગવંત આદિ ઠાણા તેમજ પ.પૂ.બા મહારાજ આદિ ઠાણા સુખશાતામાં બિરાજે છે.

તેઓશ્રીનું ચાતુર્માસ પ્રવેશ મુર્હૂતની રીતે તા.૧ જુલાઈના શુભ સમયે થઈ ગયેલ. સામૂહિક સામૈયા સાથે તા.૧૧ જુલાઈ સોમવારના રાખેલ. પરંતુ ચોમેર સર્વત્ર વરસાદના સંજોગોની અનિવાર્ય સમજી સદર સમારોહ મુલત્વી રાખેલ જેને લીધે આ દિવસના તમામ કાર્યક્રમો બંધ રાખેલ. નવ પુસ્તકોનો વિમોચન કાર્યક્રમ અનુકૂળતાએ ગોઠવી ઉપકરણ પ્રદાન આદિ અનુમોદન સમારોહ પછી યોગ્ય સમયે વાતાવરણ જોઈ. મુંબઈ તેમજ કચ્છના આમંત્રિત શ્રી સંઘો, ગુરૂભક્તો તથા દાતા પરિવારો આવી શકે તે રીતે જાહેરાત કરી જાણકારી અપાશે. એ પ્રકારની જાહેરાત ક્ષમા પ્રાર્થના સાથે શિવમસ્તુ તીર્થના સંચાલકો દ્વારા કરાઈ છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**

# Anumodana

## Sanjivani Case- 68 Ms. Mansi Dharamshi, Jasapur, Bhandup

| | |
|---|---|
| **Emerald Patron** | |
| Matushri (Kasturibai Visanji Dharamshi & Ratanbai Narshi Dharamshi), Suthri, Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 5,000 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 5,000 |
| **Lifetime Patron** | |
| Shri K.D.O. Jain Gnati Mahajan , Banglore | 2,000 |
| Lt. Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000 |
| **Gold Patron** | |
| Smt. Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya) Moti Khavdi, Thane | 1,500 |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 1,500 |
| Matushri Madhuben Hirachand Dand ( Haste: Ritesh H. Dand ) Lala, Mulund, Mumbai | 1,500 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 1,500 |
| Sanghviratna Shri Virendra Raghavji Lodaya, Ahmedabad | 1,500 |
| Smt. Karunaben Motichand Khona, Naliya, Mulund | 1,500 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 1,500 |
| **Silver Patron** | |
| Matushri Tejbai Lalji Shah (Lodaya) ( H: Arvind Lalji Shah), Varapadhar, Gandhidham | 1,000 |
| Shri Dhirendra Anandji Khona Charitable & Memorial Trust, Sandhav, Kutch | 1,000 |
| Shri Bharat Mulji Meisheri, Jakhau, Mulund, Mumbai | 1,000 |
| Shri Mitesh Madhukant Dharamshi, Kothara, Gandhidham (Kutch) | 1,000 |
| Smt. Javerben Kunverji (Ramesh) Mota, Rapar, Mulund,Mumbai | 1,000 |
| Shri Mahesh Khimji Lalka, Varapadhar, Adipur(Kutch) | 1,000 |
| Matushri Bayabai Khimji Lodaya ( Kakima ) (Haste : Pradip R. Lodaya), Sayera, Coimbatore | 1,000 |
| Smt. Tarabai Laherchand Nagda, Naliya , Ghatkopar | 1,000 |
| Matushri Vasantiben Navinchandra Narshi Khona , Naliya, Ghatkopar, Mumbai | 1,000 |
| **Individual Donations** | |
| Well Wisher, Coimbatore | 5,000 |
| Smt. Vandana Naresh Momaya, Hyderabad | 2,500 |
| Well Wisher | 2,000 |
| Shri Rajendra Umarshi Desai ( Lapasiya), Raichur | 1,000 |
| Shri Swayamsidh KDO Ladies Wing, Mumbai | 1,000 |
| Smt. Nita Bhavesh Shah , Patan , Juhu | 1,000 |
| Shri Bhupendrabhai Mota | 1,000 |
| Lt. Shri Manilal Mulji Lalka - Kolkatta | 1,000 |
| Shri Rajendra Manilal Khona , Suthri, Mulund , Mumbai | 1,000 |
| Shri Nitin Raichand Shah, Suthri - Dombivli | 500 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case- 70 Smt. Yashmalaben A. Shah (Dharamshi), Kothara,Mehsana

| Uranium Patron | Amount |
|---|---|
| Shri Anantnathji Jain Temple & it's Sadharan Fund Trust - Mumbai | 15,000 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 27,000 |
| **Emerald Patron** | |
| Shri Narendra Shamji Dand, Tera - Mulund | 10,000 |
| Matushri (Kasturiben Visanji Dharamshi & Ratanbai Narshi Dharamshi), Suthari- Mulund H:HD Fire Protect Pvt.Ltd | 10,000 |
| **Lifetime Patron** | |
| Shri KDO Jain Gnati Mahajan, Raipur | 5,000 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000 |
| M/S. Deluxe Logistics Pvt Ltd. (Shri Kirti Dhanji Dharamshi), Bangalore | 2,000 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 1,000 |
| **Individual Donations** | |
| Shrimati Alpa Gautam Dharamshi, Banglore | 20,000 |
| Shri Milan Maheshwari, Jakhau, Pune | 11,111 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 11,000 |
| Smt. Hema Gulab Chheda, Banglore | 11,000 |
| Shri Hiren Somchand Shah (Lodaya), Vadodara | 10,000 |
| Well Wisher | 10,000 |
| Shri Kutchi Dasa Oswal Jain Paschim Ekkam | 5,000 |
| Shri Shailesh Jethalal Nagda, Mulund | 5,000 |
| Shri Bhavin Hanskumar Chheda | 5,000 |
| Shri Khushal Talakchand Nagda | 5,000 |
| Smt. Neeta Mahendra Poladiya | 5,000 |
| Shri Siddharth Lodaya | 3,000 |
| Well Wisher | 2,100 |
| Well Wisher | 2,000 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur, Bhandup | 2,000 |
| Shri Rajendra Umarshi Desai (Lapasia), Raichur | 2,000 |
| Smt. Smitaben Pankaj L. Dharamshi, Bangalore | 2,000 |
| Shri Hukamchand J. Dharamsey, Manjal Reladia, Andheri | 1,000 |
| Shri Deepak Gangajar Dagha | 1,000 |
| Shri Girish Jivraj Lapasia, Raichur | 1,000 |
| Shri Ratilal Shamji Shah ( Momaya) | 1,000 |
| Shri Amit Devchand Jain | 1,000 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar, Dombivli | 1,000 |
| Smt. Sarlaben Lalji Velji Lodaya, Varapadhar, Dombivli | 1,000 |
| Well Wisher | 501 |
| Shri Nitin R. Sayla, Suthri, Dombivli | 500 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500 |
| Shri Chandresh Tokarshi Lodaya, Alleppey | 500 |
| Shri Manikant Khona | 500 |
| Smt. Pratiksha Somchand Dand, Malkapur | 500 |
| Shri Jitesh Momaya | 500 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case- 69 Harshaben Shirishbhai Shah, Anjhar, Suthri


| Individual Donations | |
|---|---|
| Shri Navinchandra Champshibhai Shah, Suthri - Adipur | 44,000 |
| Well Wisher | 2,500 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000 |
| Shri Nitin Raichand Shah, Suthri - Dombivli | 500 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**દામજી ધમરશી**
તા.૧૧ જુલાઈ (ઉ.૮૦)
દેવલાલી-જસાપર



**જયચંદ ખોના**
તા.૧૧ જુલાઈ (ઉ.૭૯)
વાંકુ-તિલકનગર



**પ્રવીણ કુર્વા**
તા.૧૧ જુલાઈ (ઉ.૮૪)
ગોધરા-પુણે



**ભરત ખોના**
તા.૧૧ જુલાઈ (ઉ.૬૨)
ગોરખડી-ગદગ





**ખમાબાઈ મહેશ્વરી**
તા.૧૪ જુલાઈ (ઉ.૮૫)
સાંધાણ-માટુંગા



**મણિકાંત દંડ**
તા.૧૪ જુલાઈ (ઉ.૭૮)
તેરા-અંધેરી (પ)



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● અંજારમાં પૂર્વ કચ્છ આર.ટી.ઓ. કચેરીનું લોકાપર્ણ રાજ્ય સરકારના માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન તથા પ્રવાસન મંત્રી પૂર્ણેશભાઈ મોદીના હસ્તે કરાયું. સદર કચેરી ૯ કરોડના ખર્ચે તૈયાર કરાઈ છે.

● ભૂકંપ બાદ જિલ્લામાં વધેલા ઔદ્યોગિક વિકાસના પગલે ખેતીને મોટી હાનિ વેઠવાનો વારો આવ્યો છે. જિલ્લામાં ખેતીલક્ષી જમીનો ઉપરાંત પાણીના નમૂના ચકાસવા માટે ભુજમાં સરકારી પ્રયોગશાળા સહિત દસ સ્થળે પરીક્ષણની સુવિધા હોવા છતાં કચ્છના ખેડૂતોમાં આ બાબતે ઉમળકો ઓછો દેખાય છે. અંદાજે ૭૫ ટકા ખેડૂતો એવા છે જેઓ જમીન અને પાણીનું પરીક્ષણ કરાવતા નથી. જેથી આડેધડ કરાતા ખેડાણ અને ખાતર દવાઓના વગર વિચારે ઉપયોગથી જમીનની ફળદ્રુપતા સહિતને માટે નુકસાનકારક સાબિત થાય છે. ભુજની પ્રયોગશાળામાં પાણી અને જમીનના નમૂના મેળવી અલગ અલગ ૧૬ પ્રકારના પરીક્ષણ નમૂના દીઠ રૂા.૧૫માં કરાય છે. ખાનગી લેબમાં આ જ પૃથ્થકરણ કરવાનો ભાવ રૂા.૫૦૦ છે.

● કરણી સેનાના રાજ્ય વિભાગના કાર્યકારી અધ્યક્ષ તરીકે મૂળ વિંઝાણ કચ્છના અને હાલે ભુજના વીરભદ્રસિંહ સાવજસિંહ જાડેજાની વરણી કરાઈ છે. રાજસ્થાનમાં રણથંભોર ખાતે કરણી સેનાની રાષ્ટ્રીય સ્તરની ચિંતન શિબિર યોજાઈ હતી. જેમાં સંસ્થાના સ્થાપક લોકેન્દ્ર સિંહ કાલવી અને રાષ્ટ્રીય પ્રમુખ મહિપાલ સિંહ મકવાણા દ્વારા કરણી સેનાના રાજ્યના કાર્યકારી અધ્યક્ષ તરીકે વીરભદ્રસિંહ જાડેજાની વરણી કરવામાં આવી હતી.

● સમગ્ર જિલ્લામાં થઈ રહેલા વિવિધ વિકાસ કાર્યોમાંથી સૌથી વધુ રૂા.૧૯૫ કરોડના કામો અંજાર વિધાનસભા ક્ષેત્રમાં થઈ રહ્યો છે. અત્યાર સુધી કચ્છના વાહનોની ઓળખ જી જે ૧૨ તરીકે થતી હતી. પરંતુ હવે અંજારની પૂર્વ કચ્છ વિભાગની આર.ટી.ઓ. કચેરી શરૂ થતાં પૂર્વ કચ્છ વિભાગના વાહનોના નંબર પ્લેટમાં નવી નંબર સિરીઝ જીકે ૩૯ થી શરૂ થશે. સમગ્ર રાજ્યમાં અત્યાર સુધી વાહનો માટે ફિટનેસ સેન્ટર માત્ર સુરત શહેરમાં જે કાર્યરત છે. જ્યારે હવે બીજું સેન્ટર પૂર્વ કચ્છની આર.ટી.ઓ. કચેરી અંજારમાં ટૂંક સમયમાં શરૂ થશે. કચેરીના પ્રારંભથી વાહનોને લગતી સેવાઓ પાસિંગ, લાયસન્સ, દંડ વસૂલી વિગેરેની કામગીરી શરૂ થઈ છે. અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપરના લોકોને હવે આના લીધે ભુજની આર.ટી.ઓ. કચેરીનો ધરમ ધક્કો ખાવો નહીં પડે. જેનાથી મોટી રાહત મળશે.

● રાજ્યનો સૌથી ઊંચો અને લાંબો ભુજોડી રેલવે ઓવર બ્રીજ રૂા.૭૫ કરોડના ખર્ચેને અંતે કચ્છની એક દાયકાથી વધુની તપશ્ચર્યા અંતે લોકાર્પણ થવાથી પૂર્ણ થઈ. કામ પૂર્ણ થવામાં લાંબો સમય વિતવા બદલ મંત્રી પૂર્વેશ મોદીએ આ માટે ક્ષમા માંગી હતી. સાથોસાથ મોડું ભલે થયું પણ અતિ આધુનિક ટેકનોલોજીવાળા ફ્લાય ઓવર બ્રીજની ભેટ જિલ્લાના પ્રજાજનોને મળી તેની ખુશી જાહેર કરી હતી. આ બ્રીજ દૈનિક ૧૩ હજાર માલવાહક વાહન અને ૬ હજાર પેસેન્જર વાહનોની અવરજવર રહે છે. જેને લીધે સાત લાખ લોકોને ફાયદો થશે.

● ભુજના શણગાર સમા હમીરસરની આન, બાન, શાન વધારવા જંગલ ખાતાએ સવાર સાંજ ખેંગાર પાર્કના વોકવેનો લાભ લેતી જનતાને પ્રકૃતિનો પરિચય કરાવવાના હેતુસર નવ નિયુક્ત પીઢ વન્ય જીવન પ્રેમી ચીફ ઓફિસરે પક્ષી પરિચયના બોર્ડ લગાવવાનો નિર્ણય કર્યો છે.

● ગાંધીધામની રામબાગ હૉસ્પિટલને જિલ્લા કક્ષાનો દરજજો આપવા માટેની હૈયાધારણા રામબાગ સબ ડિસ્ટ્રીક આરોગ્ય કેન્દ્રની રૂા.૫૦૬ લાખના ખર્ચે નવી ઈમારતના લોકાપર્ણ પ્રસંગે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા તબીબી શિક્ષણ વિભાગ મંત્રી નિમિષાબેન સુથારએ જણાવી હતી. સ્થાનિક ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ ઉદ્બોધનમાં આ આરોગ્ય કેન્દ્રમાં ખૂટતી સુવિધા પૂરી પાડવા માટે ધારાસભ્યની ગ્રાંટમાંથી રૂા.૩૧ લાખના અદ્યતન સાધનો ટૂંક સમયમાં આવી જશે એની જાહેરાત કરી હતી.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે



# RHD
# ઉન્નતિ લોન
## વ્યાજ મુક્ત

ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

**શુભ શરૂઆત : ૪થી જુલાઇ ૨૦૨૨**

**ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને**
**વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.**

- વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે.
- પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે.
- કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે.

સાથે જોડાણમાં

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઈપણ શાખાનો સંપર્ક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર<br>86526 30384 | માટુંગા (સે.રે.)<br>86526 30389 | ઘાટકોપર<br>86526 30383 | ભાંડુપ<br>86526 30381 | મુલુંડ<br>86526 30382 |
| થાને<br>86526 30388 | ડોંબીવલી<br>86526 30386 | બોરીવલી<br>86526 30390 | મોહીલી વિલેજ<br>86526 30385 | વાશી<br>86526 30387 |

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)